
નગરમાં મચ્છરજન્ય રોગચાળાને ડામવા ફોગીંગ જરૂરી બન્યું



### @ગાંધીનગર

**ગણેશોત્સવ-પાંચમો દિવસ**

● સે-૬ ભુવનેશ્વર મહાદેવ ખાતે રાત્રે ૮.૩૦ કલાકે નિલ-નિલેષ, રવિ, સુનિલ વગેરે જાદુગરોનો જાદુનો જલસો યોજાશે.

● સે-૨૨ રંગમંચ ખાતે બપોરે ૧.૩૦ કલાકે જયોતિ મહિલા મંડળના ઉપક્રમે બહેનો માટે હલદી કંકુ, ભજન, આરતી સુશોભન, ફુલદાની સુશોભન સ્પર્ધા યોજાશે. રાત્રે ૮.૩૦ કલાકે નહેરૂ યુવા કેન્દ્ર દ્વારા દેશ ભકિતનો કાર્યક્રમ યોજાશે.

● સે-૨-સી ગણેશચોક ખાતે રાત્રે ૯-૦૦ કલાકે પ્રફુલ્લ ગોહેલ દ્વારા ૭ સ્ટાર મ્યુઝીકલ પાર્ટી યોજાશે.

● સે-૩-ડી ગણેશ મહોત્સવ ખાતે રાત્રે ૯-૦૦ કલાકે રેણુકાબેન પ્રજાપતિના સીતારામ સુંદરકાંડ મહિલા પરિવાર દ્વારા સુંદરકાંડના પાઠ યોજાશે.

● સે-૩-એ વગડાવાળી માતાજીના મંદિરેથી બપોરે ૩ કલાકે ગણેશ વિસર્જન યાત્રા નીકળશે.

- નજાહખાનમ સૈયદ

# સાર્વજનિક ગણેશોત્સવમાં રાજયપાલશ્રી

ગાંધીનગર, તા.૨૦

ગુજરાતના રાજયપાલશ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું કે આપણા દેશમાં ઉત્સવો અને તહેવારો શ્રદ્ધા અને ઉલ્લાસથી ઉજવવામાં આવે છે. આ ઉત્સવો અને તહેવારો સામાજિક સદભાવ અને પરસ્પર બંધુત્વની ભાવનાને દૃઢ બનાવે છે. રાજયપાલશ્રીએ ગાંધીનગરમાં શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા આયોજિત ૪૬મા શ્રી સાર્વજનિક ગણેશોત્સવનો પૂજા અર્ચના સાથે મંગલ પ્રારંભ કરાવ્યો હતો.





રાજયપાલશ્રી ઓ.પી. કોહલીએ જણાવ્યું હતું કે ભગવાન શ્રી ગણેશજીની પૂજા સાથે જ કોઈ પણ શુભકાર્યનો આપણે પ્રારંભ કરીએ છીએ. વિઘ્નહર્તા ભગવાન શ્રી ગણેશજીનું આ પાવન પર્વ ગાંધીનગરમાં લગભગ સાડા ચાર દાયકાઓથી ઉજવવામાં આવી રહ્યું છે. જેમાં સમાજના તમામ વર્ગોનો લોકો સાથે મળીને તેની ઉજવણી કરી રહ્યાં છે એ ખુબ જ આવકારદાયક બાબત છે. તેમણે ગણેશોત્સવ સૌના જીવનમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ લાવનારુ બની રહે તેવી શુભકામનાઓ કરી હતી.

પ્રારંભમાં શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિના અધ્યક્ષશ્રી નિશિત વ્યાસે જણાવ્યું હતું કે ગાંધીનગરમાં શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા છેલ્લા ૪૫ વર્ષોથી સૌના સાથ અને સહકારથી ગણેશોત્સવ ઉજવવામાં આવે છે. જે સામાજિક સંવાદિતાનું ઉત્તમ ઉદાહરણ છે. આ પ્રસંગે શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિના હોદ્દેદારો, સભ્યો અને ગાંધીનગરના અગ્રણી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતાં. ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખશ્રી અરુણભાઈ બુચે આભારવિધિ કરી હતી. આ પ્રસંગે સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રજુ કરવામાં આવ્યા હતા.

(તસવીર : દિપક જાની)

## ઘ-૬ સર્કલે કમાન્ડો કરી રહ્યાં છે પદયાત્રીઓની સેવા

ગાંધીનગર, તા.૨૦

ભાદરવી પૂનમે અંબાજી ચાલતા જતાં પદયાત્રીકોથી ગાંધીનગર શહેરના માર્ગો ઉભરાય છે. ભાદરવા સુદ એકમથી પૂનમ સુધી શહેરના માર્ગો 'જય અંબે, જય અંબે'ના નાદથી ગુંજી ઉઠે છે. પગપાળા અંબાજી મા ના દર્શનાર્થે જતાં ભકતો માટે નગરમાં ઠેર ઠેર સેવા કેન્દ્રો પર સેવાભાવી યુવકો સેવા કરતા નજરે પડે છે. શહેરના ઘ-૬ સર્કલ પાસે આવેલ જય અંબે શિવ શકિત મિત્ર મંડળ દ્વારા કાર્યરત સેવા કેન્દ્ર અનોખું છે. કારણ કે વી.વી.આઈ.પી.ઓની સુરક્ષામાં ખડે પગે રહી આતંકવાદીઓ અને હુમલાખોરોને ધુળ ચાટતા કરી દે તેવા કમાન્ડો આ સેવા કેન્દ્રોમાં ચાલતા જતાં યાત્રિકોની સેવા કરી રહ્યાં છે.



ગાંધીનગર શહેરના સે-૨૩, ઘ-૬ કોર્નર પર આવેલ આંબા વાળા હનુમાનજી મંદિર પાસેની જગ્યા પર જય અંબે શિવ શકિત મિત્ર મંડળ દ્વારા આ સેવા કેન્દ્રનો પ્રારંભ ૨૦૦૪થી થયો છે. શહેરમાં ફરજ બજાવતા કમાન્ડો ગ્રુપ દ્વારા નિયમિત રૂપે દર વર્ષે ભાદરવા સુદ ચોથથી અગિયારસ સુધી સેવા કેન્દ્ર કાર્યરત રહે છે. આ કેન્દ્રમાં ઈડલી, સંભાર, ગાંઠીયા, ફ્રુટ, મીનરલ પાણી, દવાઓ, આરામ સહિત મોબાઈલ ચાર્જરની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે. પગપાળા જતા શ્રધ્ધાળુઓ માટે રોજના ૧૫૦થી ૨૦૦ લીટર દુધની ચા તેમજ અંદાજીત ૧૦૦ કિલો ખીરાની ઈડલી સંભાર બનાવવામાં આવે છે. હેતથી માર્ગ પરથી ચાલતા જતા ભકતોને બોલાવીને નાસ્તો આપવામાં આવે છે. વી.વી.આઈ.પી.ની ફરજમાં ૨૪ કલાક ખડે પગે રહેતા કમાન્ડો પોતાની ફરજ બાદ આ સેવા કેન્દ્રમાં સેવા આપે છે. ૩૨૪ જેટલા અંદાજીત કમાન્ડો સેવા કરે છે. ચાલતા જતા યાત્રાળુઓ માટે સેવા કેમ્પ હોય છે અને તેમાં સેવાભાવી માણસો સેવા કરે છે. આ જોઈને કમાન્ડો ગ્રુપને પણ શ્રધ્ધાળુઓની સેવા કરવાનો વિચાર આવ્યો અને ત્યારથી પ્રતિ વર્ષ કેમ્પનું આયોજન કરે છે અને પગપાળા ભકતોની સેવા કરી પુણ્યનું ભાથું બાંધે છે. સેવા કેમ્પમાં કોલવડા ગામના રીક્ષા ચાલક મંડળનો, શહેરના રહીશોનો સંપૂર્ણ સહકાર સાંપડે છે તેમ કેમ્પના સંચાલક ભાઈઓએ હર્ષભેર જણાવ્યું હતું. આ કેમ્પની મુલાકાત રાજયના ઘણા બધા મંત્રી લઈ ચુકયા છે અને કમાન્ડોની આ ભગીરથ સેવાને બિરદાવી પ્રોત્સાહન પુરું પાડયું છે. પોતાના વ્યસ્ત કાર્યમાંથી સમય કાઢીને પગપાળા જતાં યાત્રીકોની સેવા કરતા કમાન્ડો ગ્રુપના ભાઈઓ પર ગૌરવ લેવા જેવું ખરું.

(તસવીર : નિકેશ બ્રહ્મભટ્ટ)

## ઈન્ટરનેશનલ યર ઓફ લાઈટ-૨૦૧૫નું પ્રદર્શન પી.કે. ચૌધરી કોલેજ ખાતે યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેર સેકટર-૭ સ્થિત પી.કે. ચૌધરી મહિલા કોલેજ ખાતે ઈન્ટરનેશનલ યર ઓફ લાઈટ-૨૦૧૫ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીનીઓ હાજર રહી હતી. યર ઓફ લાઈટ સેમિનારનું પ્રદર્શન આગામી ૨૨ સપ્ટેમ્બરના રોજ કોલેજ ખાતે યોજાશે.

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે આઈ.આર.એલ. ગ્લોબલ સેક્રેટરી, આઈ.સી.ટી.પી. ત્રીએસ્ટ ઈટાલીના માર્ગદર્શન મુજબ ઈન્ટરનેશનલ કોન્ફરન્સ સેમિનાર ઈન્ટરનેશનલ યર ઓફ લાઈટ-૨૦૧૫ વિષય અંતર્ગત પેપર પ્રેઝન્ટેશન, પોસ્ટર મેકિંગ અને ફોટોગ્રાફસનું પ્રદર્શન આગામી તા. ૨૨ સપ્ટેમ્બરના રોજ સવારે ૯ થી ૧૧ દરમિયાન કોલેજ પરિસર ખાતે યોજાશે. આ પ્રદર્શન નિહાળવા માટે રસ ધરાવતી શાળાની વિદ્યાર્થીનીઓ, આચાર્યો, શિક્ષકો સહિત શહેરીજનોને પધારવા પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ પરિવારે ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

## કોલવડામાં નોમના દિવસે રામદેવપીરનો મેળો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર પાસે આવેલા કોલવડા ગામના ચામુંડાપુરામાં પરંપરાગત ભાદરવા સુદ નોમના દિવસે રામદેવ પીરનો મેળો ભરાય છે. તે રાબેતા મુજબ નોમના દિવસે તા. ૨૨-૯-૨૦૧૫ને મંગળવારે મેળો ચામુંડાપુરા ખાતે ભરાશે. તેમજ સવારે નવ વાગ્યે રામદેવ પીરને નેજા ચડાવવાનો કાર્યક્રમ પણ રાખેલ છે. સૌ ભાવિક ભકતોને ઉપરોકત બંને કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેવા રામપીર મિત્ર મંડળ દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવે છે.

### વાતવાતમાં

● ગઈ કાલે રાત્રે ઘ રોડ પર દક્ષિણ આફ્રિકાનું એક કપલ અમદાવાદથી રીક્ષામાં આવ્યું હતું અને એક હોટલ શોધી રહ્યું હતું. નગરના બે યુવાનોએ તેમની હોટલનો રસ્તો બતાવી તેઓ ત્યાં સુધી પહોંચે તેની તકેદારી લઈ અતિથિ દેવો ભવઃની ભાવના દાખવી હતી.

● વાવોલમાં આ વર્ષે હજુ એક પણ પદયાત્રી સેવા કેમ્પ યોજાયો નથી. ઉવારસાદ પછી એક ગોકુલપુરામાં વિસામો આવે છે તે દરમિયાન પદયાત્રીઓ વાવોલની મિહિર પાર્ક સોસાયટીના લીમડે થાક ખાવા બેસે છે ત્યારે સોસાયટીના રહીશો પાણી પીવડાવાની સેવા આપે છે.

● કેટલાક તોફાની છોકરાઓ સેવા કેમ્પો પર મળતો નાસ્તો વગેરે કરવા કેમ્પના સ્થળથી થોડેક દૂરથી ચાલતા આવી પદયાત્રી હોવાનો ડોળ કરે છે. જો કે સેવા કેમ્પના ભાવિકો તેમને પણ એટલા ઉત્સાહથી જ સેવા પુરી પાડે છે.

● બે દિવસથી વરસાદી માહોલના કારણે કોબા હાઈવે પર મકાઈની લારીઓની લાંબી કતારો જોવા મળે છે. આજે રજાના દિવસે વરસાદી મૌસમમાં નગરજનોએ મકાઈની મજા લૂંટવા આ લારીઓ પર ભીડ જમાવી હતી.

● ગાંધીનગરની મોશન ફિલ્મસ દ્વારા બેટી બચાવો આધારિત શોર્ટ ફિલ્મ તૈયાર કરાઈ છે. આ ફિલ્મમાં વર્ષ ૨૫૨૫માં કેવી પરિસ્થિતિ હશે તેની કાલ્પનિક વાર્તા રજુ કરાઈ છે.

● અંબાજી પદયાત્રીઓ વરસાદી માહોલમાં પ્લાસ્ટિક માથે ઓઢીને ચાલતા હતા. રેઈન કોટ સાથે લેવાનું જરૂરી સમજાયું નહોતું અને હવે વરસાદ પડતા પ્લાસ્ટિકની કોથળીઓનો સહારો લેવો પડયો હતો.

● ગાંધીનગરની સીબીએસસી શાળાઓમાં અર્ધવાર્ષિક પરીક્ષા શરુ થઈ ગઈ છે જયારે ગુજરાત બોર્ડની શાળાઓમાં ટૂંક સમયમાં ચાલુ થશે.

● શહેરના સેકટરે-સેકટરે અને સોસાયટીઓમાં ગણેશ સ્થાપના કરાઈ છે ત્યારે સોસાયટીઓમાં રહીશો રોજ સવાર-સાંજ આરતી તથા અલગ અલગ કાર્યક્રમો કરી ધાર્મિક તહેવારની ઉલ્લાસપૂર્વક ઉજવણી કરી રહ્યા છે.

- સમીર રામી
૯૯૨૪૪૪૬૬૪૫

## પંચાયતના ૩ અધિકારીઓ સામે ફરિયાદો મળી છે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લા પંચાયતના વર્ગ-૧ અને ૨ના અધિકારીઓ સામે છેલ્લ પાંચ વર્ષમાં ૩ ફરિયાદો મળી હોવાનું પંચાયત વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.

આ પૈકી ૧ ફરિયાદમાં તથ્ય જણાતાં તેમાં તપાસ હાથ ધરવામાં આવી હોવાનું પણ તંત્રના સૂત્રોએ જણાવ્યું છે.

## 'મેવા' દ્વારા તેરમો વિદ્યાર્થી ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૦

મુસ્લિમ એજયુકેશન એન્ડ વેલ્ફેર એસોસિએશન ગાંધીનગર (મેવા)નો તેરમો વિદ્યાર્થી સન્માન સમારોહ તાજેતરમાં બ્રહ્માણી કૃપા મેમોરીયલ હોલ સે-૨૩ ખાતે યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થી ભાઈ બહેનો સહિત સમાજના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

'મેવા' સંસ્થા ગાંધીનગરનો ૧૩માં વિદ્યાર્થી સન્માન સમારોહમાં સમાજના ધોરણ-૧૦, ૧૨ અને ઉચ્ચ અભ્યાસક્રમમાં સારા ગુણ મેળવનાર સમાજના કુલ ૪૮ વિદ્યાર્થીઓનું સન્માન કરાયું હતું. જેમાં સૌથી વધુ ઈનામ મેળવનાર સમાજની ૩૦ બહેનો હતી. સેકટર-૨૩ના બ્રહ્માણી હોલ ખાતે યોજાયેલા વિદ્યાર્થી સન્માન સમારોહ પ્રસંગે ડૉ. એન.ડી. ધાસુરા, આઈ.એન. સૈયદ શહેરની સ્વૈચ્છિક સંસ્થાના પદાધિકારીઓ સહિત સમાજના ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

## વિદેશી દારૂની ફેકટરી પ્રકરણમાં તપાસ માટે પોલીસ હરીયાણા જશે

**અમિયાપુરમાં શરુ કરી દેવાયેલી દારૂની ફેકટરીમાં બનાવાતો દારૂ ઓરીજીનલ મટીરીયલ્સથી જ બનતો હતો કે સાવ નકલી હતો તેની તપાસ કરાશે : નકલી હોવાનું ખુલશે તો બીજો ગુનો પણ દાખલ કરાશે**

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર નજીકના અમીયાપુર ગામમાંથી વિદેશી દારૂની ફેકટરી પકડાઈ ગઈ હતી. આ ફેકટરીમાં દારૂ બનાવવા માટે વપરાતું કેમીકલ ઓરીજીનલ હતું કે બોગસ દારૂ બનાવાતો હતો તેની તપાસ માટે રોયલ સ્ટેગની કંપની હરીયાણા ખાતે અડાલજ પોલીસ જશે. જો દારૂ સાવ નકલી હોવાનું ખુલશે તો આકરી કલમો ઉમેરી બીજો ગુનો દાખલ કરવામાં આવશે. જો કે મુખ્ય સૂત્રધાર પ્રવિણ હજુ પણ વોન્ટેડ હોવાથી તેની પણ શોધખોળ ચાલુ છે.

અડાલજ પોલીસે બાતમીને આધારે અમિયાપુર ગામમાં દરોડો પાડી બે રાજસ્થાની અને બે લોકલ વ્યકિતઓને પકડી પાડી વિદેશી દારૂ રોયલ સ્ટેગની શરૂ કરી દેવાયેલી ફેકટરી શોધી કાઢી હતી. રોયલ સ્ટેગની બોટલો, ઢાંકણા, સ્ટીકર્સ, લેબલ સહીત વિદેશી દારૂ બનાવવા વપરાતું કેમીકલ જપ્ત કરી લેવામાં આવ્યું હતું. આ ફેકટરી શરૂ કરી દેનાર મુખ્ય સુત્રધાર પ્રવિણ કુંપાવત હજુ વોન્ટેડ છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે જે પ્રકારે કેમીકલથી આ શખ્શો દારૂ બનાવતા હતા તે ઓરીજીનલ મટીરીયલ્સથી અને પ્રોપર પધ્ધતિથી બનાવતા હતા? કે કેમીકલ પણ બોગસ વાપરીને દારૂ બનાવતા હતા? જો મટીરીયલ્સ પણ બોગસ હોય તો લઠ્ઠાકાંડ થવાની શકયતાઓ રહેલી છે તે ઉપરાંત આરોગ્ય માટે પણ અતિ જોખમી સાબિત થઈ શકે છે. જેને પગલે રોયલ સ્ટેગ કંપનીમાં તપાસ કરવા અડાલજ પોલીસ હરીયાણા જશે અને જો નકલી મટીરીયલ્સનું જાણવા મળશે તો આકરી કલમો ઉમેરી ગુનો દાખલ કરવામાં આવશે.

## વાવોલની વૈદેહી રેસીડેન્સીમાં ગ્રામ્ય સંસ્કૃતિનો માહોલ



ગાંધીનગરમાં ગણેશ મહોત્સલ ભારે ધામધૂમ અને રંગે ચંગે ઉજવાઈ રહ્યો છે. સાર્વજનિક ગણેશ મહોત્સવના આયોજનો ઉપરાંત સેકટરની સોસાયટીઓ, ગુડા વિસ્તારની સોસાયટીઓ, ફલેટસ વગેરેમાં ઉપરાંત ભાવિકોના ઘરે પણ નાના મોટા આયોજન કરવામાં આવ્યા છે. વાવોલના વૈદેહી એપાર્ટમેન્ટમાં ગણેશોત્સવનું આયોજન કરાયું છે. જેમાં ગણેશ પંડાલને રહીશોએ તદન ગામઠી સંસ્કૃતિ અનુસાર તૈયાર કરી શણગાર્યું છે. સૂકા ઘાસના પૂળા, છાણ માટીનું લીંપણ, તેના પર દોરવામાં આવેલ ગ્રામ્ય સંસ્કૃતિની પરંપરાગત ભાત, સૂપડાં ફાનસ, ખડકી, ખાટલા, કૂવો, નાનકડું ગાડું, ચૂલો, અનાજ દળવાની ઘંટી આ બધા દ્વારા ગામઠી સંસ્કૃતિનું આબેહૂબ દશ્ય ખડું કરાયું છે. આ સજાવટ દ્વારા બાળકોને તહેવારની સાથે પોતાની પરંપરાગત સંસ્કૃતિ અંગે માહિતગાર કરવાનો અનોખો પ્રયાસ કરાયો છે.

## ધણપ પ્રા. શાળામાં પર્યાવરણ સુરક્ષા-શિક્ષણની સાતત્યતા માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર જિલ્લાના ધણપ ખાતે પર્યાવરણ સુરક્ષા અને શિક્ષણની સાતત્યતા અંગે માર્ગદર્શન કાર્યક્રમ તાજેતરમાં યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં શાળાના બાળકોને ગાંધીનગરના સર્વ વિદ્યાલય કેમ્પસના શિક્ષકો દ્વારા માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. તેમજ બાળકોએ પણ વિવિધ કૃતિ પ્રસ્તુત કરી હતી.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કેમ્પસની સી.એમ. હાઈસ્કૂલના આચાર્ય બચુભાઈ પટેલ, હોસ્ટેલના ગૃહપતિ જગદીશભાઈ ઉપાધ્યાય તથા આર.જી.કન્યા શાળાના શિક્ષિકા અમિતા મિશ્રાએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પર્યાવરણની સુરક્ષા તેમજ શિક્ષણમાં સાતત્યતાના મહત્વ અંગે માર્ગદર્શન આપ્યું હતું અને બાળકોને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે ધણપ પ્રાથમિક શાળાના ૧ થી ૪ ધોરણના બાળકોએ રંગીલા રંગીલા તથા ૫ થી ૮ ધોરણના બાળકોએ પ્રકૃતિ અભિનય નૃત્યગીતો પ્રસ્તુત કર્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવામાં ધણપ પ્રા. શાળાના આચાર્યા વિજયાલક્ષ્મી બેન તથા અન્ય શિક્ષક ગણે જહેમત ઉઠાવી હતી.

## શહેરના સે-૨૬ બ્રહ્મસમાજના હોદેદારોની વરણી કરાઈ



ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરના સેકટર-૨૬ બ્રહ્મ સમાજની વાર્ષિક સામાન્ય સભા તાજેતરમાં મળી હતી. આ પ્રસંગે સેકટરના બ્રહ્મસમાજના વિદ્યાર્થીઓને પુરસ્કાર આપી સન્માનીત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે સામાન્ય સભામાં સે-૨૬ બ્રહ્મસમાજના નવા હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે કેતનભાઈ જે. પંડયા, ઉપપ્રમુખ તરીકે વિષ્ણુભાઈ જાની, દિનેશભાઈ જાની, મહામંત્રી તરીકે નિહિનભાઈ જોષી, સહમંત્રી તરીકે દિવ્યેશભાઈ શાસ્ત્રીની નિમણુંક કરાઈ છે.

# નગરમાં મચ્છરજન્ય રોગચાળાને ડામવા ફોગીંગ જરૂરી બન્યું

**પલટાયેલા વાતાવરણમાં રોગચાળો વધવાની દહેશત, સેકટરવાઈઝ ફોગીંગ કરવા માંગ**

ગાંધીનગર, તા.૨૦

નગરમાં સરકારી અને ખાનગી દવાખાના હાલ દર્દીઓથી ઉભરાઈ રહ્યા છે. અતિશય ગરમી વચ્ચે પણ સ્વાઈન ફલુના દર્દીઓ વધી રહ્યા હતા ત્યારે પલટાયેલા વાતાવરણથી સ્વાઈન ફલુ વકરવાની દહેશત ઉભી થઈ છે તો બીજી તરફ મચ્છરજન્ય રોગચાળાએ પણ માથું ઉંચકયુ છે. જેમાં ડેન્ગ્યુ જીવલેણ સાબિત થઈ રહ્યો છે. જેથી આ રોગચાળાને ડામવા સમગ્ર નગરના ખુણે ખુણે ફોગીંગ થાય તે જરૂરી બન્યું છે.

નગરમાં ઉદભવેલા રોગચાળામાં ડેન્ગ્યુ, સ્વાઈન ફલ્યુ તથા ઝેરી મેલેરીયા વિશેષ હોવાનું બહાર આવ્યું છે. પ્રશાસન દ્વારા લેવાઈ રહેલા પગલા આવકારદાયક બન્યા છે છતાં પણ પલટાયેલા વાતાવરણથી સ્થિતિ વધુ વણસે તેવું બન્યું છે. નગરના ખુલ્લા પ્લોટ, બાંધકામ સાઈટો, અમુક સ્થળોએ પાણીનો સંગ્રહ જેવી સ્થિતિમાં મચ્છરોનું બ્રિડીંગ વધી રહ્યું છે અને તંત્રના પ્રયાસો દરમિયાન કેટલાક સ્થળોએથી આવા બ્રિડીંગ મળ્યા છે. મચ્છર સહિતની જીવાતો માટે હાલ વાતાવરણ અનુકુળ બની ગયું છે ત્યારે તંત્ર દ્વારા સમગ્ર નગરમાં ફોગીંગ કરવામાં આવે તે ઈચ્છનીય બન્યું છે. ફોગીંગથી



મચ્છર અને અન્ય જીવાતોનો નાશ થાય છે અથવા તો તે કરડવા અસક્ષમ બને છે.

નગરમાં મચ્છરજન્ય રોગચાળાથી ઘેર ઘેર માંદગીના ખાટલા મંડાયા છે. જેમાં વળી ડેન્ગ્યુની દહેશતે લોકો ફફડી રહ્યા છે. ઈજીપ્ત નામનો મચ્છર કરડવાથી થતો ડેન્ગ્યુ જીવલેણ બની શકતો હોઈ તાત્કાલિક સારવાર આપવી જરુરી હોય છે. વધુમાં મેલેરીયા તથા ઝેરી મેલેરીયા પણ મચ્છરો કરડવાથી થતો હોય છે. જેમાં શરીરમાં તાવ, સાંધા દુઃખવા, શરીર દુઃખવું તથા બેચેની જેવા લક્ષણો જોવા મળે છે. આ રોગોની સાથે સ્વાઈન ફલુએ પણ માઝા મુકી છે. જેમાં વળી ભેજ અને ઠંડકવાળા વાતાવરણમાં આ રોગનો વાઈરસ ઝડપથી પ્રસરે છે. જેથી દવાખાનાઓમાં શંકાસ્પદ દર્દીઓની તપાસ હાથ ધરાઈ છે. તંત્ર તેમજ આરોગ્ય વિભાગે બનતા પ્રયાસ કરી રોગને કાબુમાં લેવા કમર કસી છે છતાં પણ નગરમાં દરેક સેકટરમાં તથા ખુલ્લી જગ્યાઓ, પાણીનો સંગ્રહ થતો હોય તેવા સ્થળોએ સત્વરે ફોગીંગ કામગીરી હાથ ધરે તો વધુ અસરકારક બની શકે છે તેવું નગરજનો જણાવી રહ્યા છે છતાં પણ રોગની અસરે તાત્કાલીક તબીબી સારવાર મેળવી લેવા સલાહ અપાય છે.

### ચિરવિદાય

- સ્વ. નંદુબેન મનુજી વાઘેલા, ઉ.વ. ૫૩
- સ્વ. સજનબા બચુજી રાઠોડ, ઉ.વ.૭૦
- સ્વ. લાલાભાઈ હરજીભાઈ રબારી, ઉ.વ. ૩૮
- સ્વ. શરબાબા અર્જુનસિંહ ગોહિલ, ઉ.વ. ૮૦
- સ્વ. લીલાબા વરવાજી વાઘેલા, ઉ.વ.૭૦